**સરકારી કચેરીઓ, વગેરેમાં રાષ્ટ્રીય નેતાઓની છબીઓ પ્રદર્શિત કરવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ કછપ-૧૦૨૦૦૭-૧૯૧૧-ઘ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :૧૪-૦૨-૨૦૧૮

**વંચાણે લીધા:-**

(૧) આ વિભાગનો તા. ૨૮-૦૬-૧૯૯૬નો ઠરાવ ક્રમાંકઃ કછપ-૧૦૯૫-મુમ-૬૭-ઘ.
(૨) આ વિભાગનો તા.૦૧-૦૯-૨૦૦૭નો પરિપત્ર ક્રમાંકઃ કછપ-૧૦૨૦૦૭-૧૯૧૧-ઘ.
(૩) આ વિભાગનો તા.૨૬-૧૧-૨૦૧૨નો પરિપત્ર ક્રમાંકઃ કછપ-૧૦૨૦૦૭-૧૯૧૧-ઘ.
(૪) આ વિભાગનો તા.૧૮-૦૮-૨૦૧૭નો પરિપત્ર ક્રમાંકઃ કછપ-૧૦૨૦૦૭-૧૯૧૧-ઘ.

**::::::પરિપત્ર::::::**

આ વિભાગના ઉકત વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના ઠરાવથી રાજય સરકારની કચેરીઓમાં તથા રાજય સરકાર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં રાષ્ટ્રીય નેતાઓની છબીઓ પ્રદર્શિત કરવા અંગે નીતિ નકકી કરવામાં આવેલી છે, તે મુજબ વિધમાન માન. રાષ્ટ્રપતિશ્રીની છબી પણ પ્રદર્શિત કરવાની રહે છે.

૨. તાજેતરમાં માન. શ્રી રામનાથ કોવિંદની રાષ્ટ્રપતિશ્રી તરીકે નિયુકિત થતાં પ્રણાલિ મુજબ રાજય સરકારની કચેરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યમાન માન. રાષ્ટ્રપતિશ્રીનો યોગ્ય સાઇઝનો ફોટોગ્રાફ મુકવાની કાર્યવાહી કરવા સંબંધિત સર્વે વિભાગો / કચેરીઓને અત્રેના તા.૧૮/૦૮/૨૦૧૭ના પરિપત્ર ક્રમાંકઃ કછપ/૧૦૨૦૦૭/૧૯૧૧/ઘ, થી જણાવવામાં આવેલ હતું. હવે રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી દ્વારા માન. રાષ્ટ્રપતિશ્રીનો માન્ય રાખેલ ફોટોગ્રાફ જ સરકારી કચેરીઓમાં મુકવા અંગે જણાવવામાં આવેલ છે.

૩. વિદ્યમાન માન. રાષ્ટ્રપતિશ્રીનો ફોટોગ્રાફ ડાયરેકટરશ્રી, ફોટો ડિવિઝન, મીનીસ્ટ્રી ઓફ ઇન્ફોર્મેશન એન્ડ બ્રોડકાસ્ટીંગ, ભારત સરકાર, નવી દિલ્હી પાસેથી, અથવા વેબસાઇટ htpp://presidentofindia.nic.in/images/president-profile-download.jpg પરથી મેળવી શકાશે.

૪. ફોટોગ્રાફ મેળવવા સરળતા રહે તે હેતુથી સચિવાલયના વિભાગો માટે મુખ્ય ઇજનેરશ્રી, કેપીટલ પ્રોજેકટ, ગાંધીનગરને, રાજય સરકારની જિલ્લા કચેરીઓ માટે જિલ્લાના કાર્યપાલક ઇજનેરશ્રીને તથા રાજય સરકાર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓની જરૂરીયાત માટે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ નોડલ અધિકારી તરીકે કામગીરી બજાવવાની રહેશે. દરેક નોડલ અધિકારીએ સંબંધિત કચેરીઓ પાસેથી ફોટોગ્રાફની જરૂરીયાતની વિગતો મળ્યેથી, નિવાસી આયુકતશ્રી, નવી દિલ્હીની કચેરીને પોતાની જરૂરીયાત મુજબ બારોબાર ઓર્ડર આપી ફોટોગ્રાફ પ્રાપ્ત કરી લેવાના રહેશે અને સંબંધિત કચેરીઓને મોકલી આપવાના રહેશે.

૫. આ છબીઓ સ્થાનિક રીતે મઢાવવી, છબીઓ ખરીદવા તેમજ મઢાવવા વિગેરે સહિતનું ખર્ચ સંબંધિત કચેરીઓની આકસ્મિક ગ્રાન્ટમાંથી ઉધારવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કલ્પેશ ભટ્ટ )
ઉપ સચિવ (પ્રો)
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ

માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માન. અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

સર્વે માન. મંત્રીશ્રી / રાજયકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

- ➢ નિવાસી આયુકતશ્રી, ગુજરાત સરકાર, ગુજરાત ભવન, ૧૧, કૌટિલ્ય માર્ગ, ચાણકયપુરી, નવી દિલ્હી-૧૧૦૦૨૧.
- ➢ સચિવશ્રી, ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ, સેકટર-૧૭, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧/૨, સેકટર ૧૦-એ, ગાંધીનગર.
- ➢ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- ➢ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, સેકટર નં. ૧૦/એ, છ રોડ, ગાંધીનગર. .
- ➢ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, બ્લોક નં.૨/૧, સેકટર ૧૦-એ, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, લોકાયુકતશ્રીની કચેરી, સેકટર ૧૦-બી, ગાંધીનગર.
- • સચિવાલયના સર્વે વિભાગો

પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.

સર્વે જિલ્લા કલેકટરશ્રી.

સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.

સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી.

મુખ્ય ઇજનેરશ્રી, કેપીટલ પ્રોજેકટ, સચિવાલય, ગાંધીનગર.

સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.

સર્વે કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સર્વે જિલ્લાના)

} સંબંધિત કચેરીઓ પાસેથી ફોટોગ્રાફસની જરૂરીયાતની વિગતો મેળવી, નિવાસી આયુકતશ્રી, નવી દિલ્હીની કચેરીને તેઓની જરૂરીયાત મુજબ બારોબાર ઓર્ડર આપવા ફોટોગ્રાફસ મેળવી, સંબંઘિત કચેરીઓને મોકલી આપવાની વ્યવસ્થા ગોઠવવાની વિનંતી સહ.

- ❖ ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ડૉ. જે.એમ.ભવન, ગાંધીનગર.
- ❖ નિયામકશ્રી, પ્રાથમિક અને પ્રૌઢ શિક્ષણ, ડૉ. જે.એમ.ભવન, ગાંધીનગર.
- ❖ ટેકનીકલ શિક્ષણ નિયામકશ્રી, ડૉ. જે.એમ.ભવન, ગાંધીનગર.

માહિતી નિયામકશ્રી, ડૉ. જે.એમ.ભવન, ગાંધીનગર.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / ગાંધીનગર.

પગાર અને હિબાબી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.

સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.

-----------

- ➢ પત્ર દ્વારા.
- • તેમના વહીવટી નિયંત્રણ હેઠળના સર્વે ખાતાના વડાઓ, કચેરીના વડાઓ તથા વૈધાનિક સંસ્થાઓને અને સ્વાયત્ત સંસ્થાઓને તે અનુસાર જાણ કરવા વિનંતી.
- ❖ સર્વે શૈક્ષણિક સંસ્થાઓને સુચના આપવા સારૂ.

ક્રમાંક:પ્રાવિ.૨/મકમ/૨૦૧૮/ ૪૯૬૨-૫૦૬૩

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર
તા. ૨૨/૦૩/૨૦૧૮

૨/- નકલ રવાના જાણ તથા ઠરાવમાં જણાવેલ વેબસાઇટ પરથી વિદ્યમાન રાષ્ટ્રપતિશ્રીનો ફોટોગ્રાફ મેળવી લેવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા-પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, આર.એમ.એસ.એ, મોડેલ
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા.